# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૪/ક્વા-૪/૨૦૧૯-૨૦/૩૭ તા. ૨૯.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૪/ક્વા-૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી કણઝારીયા હસમુખ પુંજાભાઈ ગામ – ખંભાળિયા

સબડીવીઝન: ખંભાળિયા શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળિયા

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ખંભાળિયા

તારીખ: શુક્રવાર (૦૮.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૧.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આમારા વીજ મીટરમાં ફોલ્ટીનો રીમાંર્ક્સ મારી ત્યાર બાદનું ત્રીજું બીલ ચાલુ યુનિટનું આપેલ જે નકલ આ સાથે સામેલ છે તથા ત્યારબાદ પીજીવીસીએલ તરફથી વીજ મીટર બદલી જુના મીટરનું લેબ રોજકામ કરેલ જેમાં અમારી જાણ બહાર આંતરિક રચના બળી ગયાનો રીમાર્કસ મારી અમારી જાણ બહાર તેનો ચાર્જ અમારા બીલમાં ચડાવેલ જેમાં

અમારું મીટર ચાલુ હતું તેમ છતા બીલ માં પૈસા ચડાવેલ છે, તે અમોને મંજુર નથી - અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી કંજરિયા હસમુખ પુંજાભાઇ રે. ખંભાળિયા, શહેર પેટાવિભાગીય કચેરી ખંભાળિયા હેઠળ ગ્રાહક નંબર ૩૨૦૦૨૧૦૬૪૮૭ થી ખેતીવાડી (એ-૨) નું વીજ જોડાણ ધરાવે છે. મજકૂર ગ્રાહક નું વીજ મીટર ફોલ્ટી હોય બદલાવેલ અને લેબ રોજકામ મુજબ બળેલ મીટર ના રૂ. ૨૨૭૫/- ગ્રાહક ના ખાતે ડેબિટ કરેલ જે ગ્રાહક ને મંજૂર ન હોય તેથી આપની સમક્ષ રજૂઆત કરેલ છે.

3.૧ શહેર પેટાવિભાગીય કચેરી ખંભાળિયા ના સામેલ પત્ર કેટીએસડીટેક/1525 તારીખ 06.06.2020 મુજબ મજકૂર ગ્રાહક નું વીજ મિટર ફોલ્ટી હોય તારીખ ૧૮.૧૧.૨૦૧૯ ના રોજ બદલાવેલ અને સદર બદલાવેલ મીટર નું લેબ રોજકામ તારીખ ૨૮.૧૧.૨૦૧૯ ના રોજ ગ્રાહક ના પ્રતિનિધિ ની હાજરી માં કરવા માં આવેલ.

3.૨ સદર અરજદારે અંદાજપત્રની મુદત વધારવા માટે અંદાજપત્ર ભરવાની આખરી તારીખ પહેલા પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરવાની રહે છે. જે અરજદાર દ્વારા કરવામાં આવેલ નથી અને સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તા. ૦૮.૦૮.૨૦૧૯ ના રોજ અરજી કરેલ જેથી કંપનીના નિયમ મુજબ સમય મર્યાદા વધારી શકાય નહિ.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારશ્રી નું મીટર ફોલટી હોવાથી મીટર ચેન્જ કરવામાં આવેલ જે લેબ પરીક્ષણ કરતી વખતે સ્પષ્ટ રોજકામ ન હોવાથી કોઈ ચોક્કસ રિમાર્ક્સ આપવામાં આવેલ નથી.

૪.૨ જે બાબતે ધ્યાને લેતા અરજદારશ્રી પાસે થી સંપૂર્ણ બળેલ મીટર ચાર્જ વસૂલ કરી શકાય નહીં.માત્ર મીટર બદલવાનો ચાર્જ વસૂલ કરવો જો આ ચાર્જ અરજદાર શ્રી પાસે થી વસૂલવામાં આવેલો હોય તો તેમેને જમા આપવા અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯